॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર

જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

નખત્રાણા-કચ્છ

કાર્યાલય: ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦.

● સં. ૨૦૭૬ ● જેઠ વદ - અમાસ ● તા. ૨૧-૦૬-૨૦૨૦ ● રવિવાર

MOB. : WHATSAPP- 9422884366, 7410087935. hmtsanatandharmpatrika@gmail.com

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ

(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.

Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615

Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049

E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

Date: 16/06/2020

નિમણૂક પત્ર

પ્રતિ,

સ્નેહીશ્રી રમેશભાઈ વાલજીભાઈ પારસિયા તથા સમિતિના સભ્યશ્રીઓ

વિદ્યા સેતુ યોજના ધારાધોરણ નિર્ધાર સમિતિ

જય લક્ષ્મીનારાયણ સહ....

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા સમાજના તેજસ્વી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ, રમત-ગમત કે અન્ય ક્ષેત્રે કારકિર્દી બનાવવા આર્થિક સહયોગ કરી શકાય તેવા ઉમદા હેતુસર વિદ્યા સેતુ યોજના અમલમાં આવેલ છે. આ યોજના હેઠળ આર્થિક રીતે જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને ઇચ્છિત ક્ષેત્રમાં કારકિર્દી ઘડતર માટે સમાજ દ્વારા વગર વ્યાજની લોન આપવા નિર્ધાર કરેલ છે.

તો આ યોજના અંતર્ગત સમાજના લાભાર્થી વિદ્યાર્થીઓને લોન સ્વરૂપે સહાય આપવા માટે જરૂરી નીતિનિયમો કે ધારાધોરણ હોવા જરૂરી છે જેથી લાભાર્થીઓને સરળતાથી લાભ મળી શકે, તે માટે આપશ્રીના કન્વીનરપદ હેઠળ નવ સભ્યોની **"વિદ્યા સેતુ યોજના ધારાધોરણ નિર્ધાર"** સમિતિનું શ્રીસમાજ દ્વારા ગઠન કરવામાં આવે છે. તો આપ સમાજની આ યોજનાના ધારાધોરણ માટે આપની સમિતિ સાથે રહી અભ્યાસ કરી સુચારુ અને વ્યવહારુ ધારાધોરણ બનાવી સમાજની આગામી **તા. 26. 9. 2020** ની કારોબારી સભા પહેલા સમાજને સુપ્રત કરશો.

આશા છે કે આપણી સંસ્થાના ભવ્ય ભૂતકાળને નજરમાં રાખીને આધુનિક સમય સાથે કદમ મિલાવીને શ્રીસમાજની વિદ્યાલક્ષ્મી અમૃતકુંભ યોજના ના ધારાધોરણ બનાવી સમાજને સહયોગી બનશો.

પુરષોત્તમભાઈ રવજીભાઈ ભગત
મહામંત્રીશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

સમિતિના સભ્યો:

1. કન્વિનર રમેશભાઈ પારસિયા, સુરત (મહામંત્રી, ઉમા એજ્યુકેશન)
2. સહ-કન્વિનર ડો. વસંતભાઈ ધોળું, તલોદ (પ્રમુખ, કેન્દ્રીય યુવાસંઘ)
3. સભ્યશ્રી પ્રો. ભરતભાઈ પોકાર, સારસા
4. સભ્યશ્રી CA R. N. Patel, નરોડા
5. સભ્યશ્રી CA ભવાનભાઈ લીંબાણી, મુંબઈ
6. સભ્યશ્રી પ્રિ. ડો. છગનભાઈ પટેલ, મહેસાણા
7. સભ્યશ્રી પ્રો. ડો. કે. વી. પાટીદાર, ભુજ
8. સભ્યશ્રી ધીરજભાઈ ડાયાણી, અમદાવાદ
9. સભ્યશ્રી હરિભાઈ રૂડાણી, ચેન્નઈ

ચિંતનકણિકા

બાળકના સર્વાંગી વિકાસના અર્કરૂપ બિંદુઓ

(૧૦) તમારા બાળકના રૂપ-ગુણ-ક્ષમતાની તુલના ક્યારેય અન્ય બાળક સાથે ન કરશો. ભગવાને દરેકને આ બધું અલગ અલગ માત્રામાં બક્ષેલું છે. ભગવાનને વૈવિધ્ય ગમે છે. માટે સૃષ્ટિમાં અત્ર-તત્ર-સર્વત્ર વૈવિધ્ય પ્રવર્તે છે. પ્રત્યેક વ્યક્તિ આગવું અને મૌલિક વ્યક્તિત્વ ધરાવે છે. માટે વિવિધતાનો સ્વીકાર કરો. તુલના કરવાથી પરિણામ ખરાબ આવે છે. બાળકમાં લઘુતાગ્રંથિ અથવા ગુરુતાગ્રંથિ ઘર કરી જાય છે. એ બેમાંથી કોઈ પણ ગ્રંથિ પ્રવેશે તો વિકાસ અવરોધાય છે.

(૧૧) જીવન જીવવા માટે ખૂબ ઉપયોગી ગુણ છે સકારાત્મકતા. નાનપણથી જ બાળકમાં સકારાત્મક અભિગમનો વિકાસ કરો. કોઈ જાતની નકારાત્મક વાતો એની સાથે ન કરો.

(૧૨) ખરેખર તો બાલ્યકાળમાં જ જીવનઘડતરનું સાચું કાર્ય થાય છે. મનોવિજ્ઞાનીઓ કહે છે કે બાળકનાં શરૂઆતના પાંચ વર્ષમાં જ એનું ૮૫ % ઘડતર થઈ જતું હોય છે. તેથી આ ગાળામાં જ જો માતાપિતા બાળકના ઘડતર તરફ બરાબર ધ્યાન કેન્દ્રિત કરે તો જીવનનાં બાકીનાં વર્ષો ચિંતારહિત વીતશે...અને બાળક ખીલી ઊટશે. **(ક્રમશઃ)**

૨૧ જૂન, એક યાદગાર દિવસ......

અહેવાલ -IPP દક્ષિણ ભારત નીતિનભાઈ લીંબાણી, હૌસુર.

આજે ૨૧ જૂન, એક એવો દિવસ જે શ્રીસમાજ ના સનાતની અભિગમ ને સંપૂર્ણ સાર્થકતા અપાવે, જેનો શ્રેય દક્ષિણ ભારત ના ચેન્નઈ માં યોજાયેલ ક્રિકેટ મહોત્સવ ને જાય છે. સમાજ ની સ્વર્ણિયમ મહોત્સવ અને અધિવેશન માં શ્વેતપત્ર ને પ્રસિદ્ધ કરવું અને પાણીમાં તરંગ ની જેમ શુદ્ધિકરણ નો અભિગમ પ્રસ્થાપિત કરવો હતો ! ત્યારે યુવાસંઘ ની ટીમનું નેતૃત્વ કરનાર ગૌરાંગ ધનાણી નો પ્રથમ પ્રયાસ, જેમાં માત્ર સનાતની શ્વેતપત્ર નું અમલીકરણ કરનાર યુવા માટે નો ક્રિકેટ મહોત્સવ નું અદભુત હાઈટેક આયોજન દક્ષિણ ભારત ના યુવાઓ એ સાર્થક કરી દર્શાવ્યું. ત્યારે દક્ષિણ ભારત ચેરમેન નીતિન લીંબાણી અને મહામંત્રી અમૃત ભાવાણી નો આ પ્રથમ કાઉન્સિલ પ્રોજેક્ટ હતો. આવો પ્રયત્ન આજસુધી ફરી થયો નથી. "ચલો ચેન્નઈ" નારા ના એ પ્રયોગે સમાજ ના અભિગમ ને બુસ્ટર આપ્યું અને તે અવસરે લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન, ઉમિયામાતા સંસ્થા અને કેન્દ્રીય સમાજ ના તમામ અગ્રીમ મોવડી ની ઉપસ્થિતી રહી અને અનેરો રંગીન સનાતની સફળ યાદગાર કાર્યક્રમ બની રહ્યો...

પ્રેરણાત્મક ... આપણે સૌએ અપનાવવા જેવું ...

- પ્રતિનિધિઃ નીલેશભાઈ સુરાણી, તલોદ.

મિત્રો આજે,

• Hiren Dholu- SBR, • Vinod Chhabhaiya UBR, • Mitul Limbani- SBR, • Suresh Bhavani- UGR પોતાના જન્મ દિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

સૂર્યગ્રહણ

તા. ૨૧-૦૬-૨૦૨૦, રવિવારે થનાર કંકણાકૃતિ સૂર્યગ્રહણભારતમાં દેખાશે.

ગ્રહણ શરૂ સવારે - ૦૯:૫૮ , ગ્રહણ સમાપ્ત બપોરે – ૦૨-૦૯

ભારત સિવાયના અન્ય દેશોમાં પણ આ ગ્રહણ દેખાવવાનું છે.

પૃથ્વી પર ગ્રહણ સમય તા. ૨૧-૦૬-૨૦૨૦, રવિવારે

ગ્રહણ શરૂ સવારે ૦૯:૧૬. ગ્રહણ સમાપ્ત બપોરે ૦૩:૦૪

ગ્રહણ વેધ (સૂતક) ૨૦-૦૬-૨૦૨૦, શનિવારે રાત્રે ૧૦:૦૦ થી ગ્રહણ પુરૂ થાય ત્યાં સુધી પાડવો.

ગર્ભવતી બહેનોએ ગ્રહણ દરમિયાન બહાર નીકળવું નહીં. વેધ શરૂ થાય પછી કઈ કાપવુ નહિ.

(મંદિરો બપોરે ૦૨:૧૫ પછી ખોલવા.) સ્રોતઃ ગૂગલ

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૧૯. ૦૬. ૨૦૨૦ પ્રશ્ન નંબર - ૨૩.

સનાતની સિપાહી નારાયણ રામજી લીંબાણી કચ્છમાં કયા ગામના હતા ??

સાચો જવાબઃ મોટી વિરાણી.

સાચો જવાબ આપનાર વિજેતાઃ યોગેશ છાભૈયા, રાયપુર (છ. ગ.), કચ્છમાં નખત્રાણા (૯૪૨૫૫૧૯૫૧૬)

તા. ૨૦. ૦૬. ૨૦૨૦ ગઈકાલ નો પ્રશ્ન નંબર - ૨૪.

આપણી જ્ઞાતિના યુવા અદાકાર ચેતન ધનાણી એ કઈ ગુજરાતી ફિલ્મમાં હીરો તરીકે અભિનય કર્યો છે?

આજના પ્રશ્ન માટે જુઓ સમાચાર વિડિયો ક્લિપ,

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા **7718977774** પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

કરો યોગ રહો નિરોગ, તારીખ ૨૧.૦૬.૨૦૨૦. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

સંયોજક : અંજુબેન ધોળું, ખારઘર-મુંબઈ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ/યુવાસંઘ હેલ્થ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ દ્વારા યોગ ના નિષ્ણાતો સાથે ૧ કલાક ના યોગ નું જૂમ એપ્લિકેશન દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવશે, જેમાં સર્વે સનાતની સમાજજન ને આપેલ લિંક થી જોડાઈ ને રોગપ્રતિકારક શક્તિ વધારનાર યોગ કરવા વિનંતી સાથે આહવાન કરવામાં આવેલ.

સ્વસ્થ સમાજ થી ઉત્કૃષ્ઠ રાષ્ટ્ર નિર્માણ નો અભિગમ અને સંકલ્પ લઈ, આવો સૌ સાથે મળી યોગ દિવસ મનાવીએ. દેશ તથા વિશ્વમાં કોરોના વાયરસના સંકટને કારણે આ વર્ષે વિશ્વ યોગ દિવસની ઉજવણી "યોગ એટ હોમ યોગ વિથ ફેમિલી" ની થીમ પર કરવામાં આવી.

કોરોના વાયરસના સંકટ (Threat of croona virus) વચ્ચે 'વિશ્વ યોગ દિવસ' ('Wrold Yoga Day') આવ્યો છે. ત્યારે કોરોના મહામારી વચ્ચે આ વર્ષે કોઈ જાહેર કાર્યક્રમ યોજાવાના નથી. ત્યારે ભારત ના દરેક રાજ્યમાં કેન્દ્ર સરકારના દિશાનિર્દેશો અનુસાર યોગ દિવસની ઉજવણી થશે. તેમાં આ વર્ષે "યોગ એટ હોમ યોગા વીથ ફેમિલી" (Yoga at Home Yoga with Family) તરીકે રાજ્યભરમાં ઉજવીને કોરોના સંક્રમણ સામે હરેક ભારતીય આ યોગ-સાધનાથી રોગ પ્રતિકારક શકિત વધારી રક્ષણ મેળવે, તેમ ભારત ના આરોગ્ય મંત્રી એ જણાવ્યું છે. કોરોના સંક્રમણથી બચવા રોગપ્રતિકારક શકિત વધારવી આવશ્યક છે.

વિશ્વ આખું હવે એ તરફ સજાગ બન્યું છે અને યોગ-પ્રાણાયામના માધ્યમ થી રોગપ્રતિકારક શકિત વધારવા તરફ વળ્યું છે, ત્યારે પ્રાચીન ભારતીય સંસ્કૃતિની વિશ્વને ભેટ એવા યોગ-પ્રાણાયામનું મહત્વ દરેક જ્ઞાતિજન સુધી વિસ્તરે તે માટે વિશ્વ યોગ દિવસ મહત્વનો બનશે એવો સ્પષ્ટ મત આપણા હેલ્થ અને ડિઝાસ્ટર મિશન ના અગ્રીમ કાર્યકરો વ્યકત કરે છે.

આ સંદર્ભમાં દરેક રાજ્ય ના યોગ બોર્ડ દ્વારા ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી પૂર્વે એક સપ્તાહ એટલે કે તા.૧૪ જૂનથી યોગ-પ્રાણાયામનો વ્યાપક પ્રચાર-પ્રસાર લોકોમાં થાય જાગૃતિ વધે તે માટે સોશિયલ મીડીયા પ્લેટફોર્મના માધ્યમથી યોગ નિદેશનો-યોગ અંગે જાગૃતિ વ્યાખ્યાનો સહિત વિવિધ કાર્યક્રમો યોજવાનું માર્ગદર્શન આપ્યું છે..

યોગ પ્રશિક્ષકો આ સપ્તાહ દરમ્યાન અને ૨૧મી જૂને પણ યોગ નિદર્શનો-યોગ જનજાગૃતિમાં જોડાય તેવા આયોજનની હિમાયત કરી છે એ અનુસંધાને યુવાસંઘ સહુ ને જાગૃત કરવા અને સ્વસ્થ રહેવા "યોગ કરો રોજ" નું અભિયાન નો આ સપ્તાહ નો પ્રારંભ કરે છે.

મિશન કન્વીનર નવીન જબુવાણી યોગ-પ્રાણાયામને પ્રવર્તમાન પરિસ્થિતીમાં વધુ પ્રચલિત બનાવવાના હેતુથી વધુને વધુ લોકો યોગાભ્યાસમાં જોડાય તે માટે સેલ્ફી વીથ યોગાસન, યોગ વીથ ફેમીલી જેવા આકર્ષક આયામો પણ આ પ્રચાર-પ્રસાર ટિમ સાથે અભિયાનમાં જોડવાનું પ્રેરક સૂચન ટિમ યુવાસંઘ ના મિશન ચેરમેન મોહન ધોળુ ને કરેલ છે.

Wishing you a Happy Yoga Day!

Topic: ABKKP YUVA SANGH - HEALTH AND DISASTER TEAM - YOGA DAY

Time: Jun 21, 2020. 7:00 to 08:00 AM Join Google Meet

https://meet.google.com/ker-asvr-fqd

મદુરાઈ સમાજ નું ઉમદા કાર્ય

તા-૧૯/૬/૨૦૨૦ ના મદુરાઈ મીનાક્ષી મિશન હોસ્પિટલ ખાતે પ્લાઝ્મા થેરાપી ટ્રીટમેન્ટ માટે એડમિટ થયેલ આપણા જ્ઞાતિ ની દીકરી ને તાત્કાલિક રક્ત ની જરૂરિયાત ઊભી થતાં, DBR ના મદુરાઈ યુવક મંડળ અને મહિલા મંડળ ના સભ્યોએ એકજ હાકલમાં કોરોના ના કપરા સમયમાં સોશીયલ ડીસ્ટન્સિંગ નું પાલન કરતા ૩૦ યુનિટ રક્તદાન કરી પોતાની ફરજ નિભાવી હતી. હોસ્પિટલ માં એક સાથે જવાનું પરમિશન ન હોતા અનેક સભ્યોએ અલગ અલગ સમયમાં ઉપસ્થિત રહી રક્તદાન કર્યું હતું. જેના લીધે કોઈ ફોટો ગ્રાફ લેવું શક્ય ન બન્યું. આ થયેલ રક્તદાન ને સનાતની વિરો ની સ્મરણાંજલિ ના ભાગ રૂપે અર્પણ કરાયો હતો....

KKP Project Help Desk is Organising

Coffee with KKP help desk
Dt 21 Jun 2020 Sunday.
10.30am to 11.45am

(1) " Be a Successful

(2) How to Manage Multiple Business

Join Zoom Meeting ID
https://us02web.zoom.us/j/9407714501?pwd=SExUeUYzMmdpdVRNQ3RuMWdNR204dz09
Meeting ID: 940 771 4501
Password: 1234

Organiser team
Aroonbhai - Ahemdabad
Purushottam - Raipur
Narendra - Hyderabad

ગ્રહણ શરૂ સવારે - ૦૯:૫૮

ગ્રહણ સમાપ્ત બપોરે – ૦૨-૦૯

શ્રધ્ધાંજલી

ઉત્તર કર્ણાટક માં વસતા નેત્રા વાસી પરિવારો તથા જાદવાણી પરિવાર ના સગાં સંબંધીઓ તેમજ સ્થાનિક હુબલી સમાજ તરફથી દિવંગત વડીલ શ્રી ધનજીભાઈ મેઘજીભાઈ જાદવાણી ને શ્રધ્ધાંજલી

ગઈ કાલે બપોરે ૩ કલાકે શ્રી હરિલાલ ભાઈ મેઘજી જાદવાણી ના નિવાસ સ્થાને હુબલી ખાતે ચોવીસ ગામ સમુહ લગ્ન સમિતિ, મથલ ના પ્રમુખશ્રી તથા શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજ ના પૂર્વ પ્રમુખ શ્રી - સ્વ. વડીલ શ્રી ધનજી ભાઈ મેઘજીભાઈ જાદવાણી ને શ્રધ્ધાંજલી આપવા એક શોક સભા નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજ ના પ્રમુખ શ્રી વિનયકાન્ત ભાઈ રવાણી તેમજ મોટી સંખ્યામાં આપણા સમાજ જનોએ હાજરી આપી ને સદ્દગત વડીલ શ્રી ને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરેલ હતી.